# Gujarat Alkalies and Chemicals Limited

Promoting Green Technolog

Regd. Office : P.O. Petrochemicals-391 346, Dist. Vadodara, Gujarat, INDIA

**Phone :** +91-265-2232681, 3061200 **Fax :** +91-265-2232130

**Web :** www.gacl.com CIN: L24110GJ1973PLC002247


## NOTICE OF ANNUAL GENERAL MEETING, E-VOTING INFORMATION AND BOOK CLOSURE

**(Pursuant to Sections 91, 101 and 108 of Companies Act, 2013 read with Rule 10, 18 and 20 of Companies (Management and Administration) Rules 2014 as amended by Companies (Management and Administration) Amendment Rules, 2015)**

**Notice is hereby given that the 42nd Annual General Meeting of the Members of Gujarat Alkalies and Chemicals Limited will be held on Friday, the 18th September, 2015, at 03:00 P.M.** in the premises of the Company at P.O. Petrochemicals: 391 346, Dist. Vadodara to transact the following businesses:

### ORDINARY BUSINESS:

**(1)** To receive, consider and adopt the Financial Statements as at 31st March, 2015 including the Audited Balance Sheet as at 31st March, 2015, the Statement of Profit and Loss for the year ended on that date and the Board's Report & Auditors' Report thereon, **(2)** To declare a dividend on Equity Shares, **(3)** To ratify the appointment of Statutory Auditors.

### SPECIAL BUSINESS:

**(4)** To appoint Dr. J N Singh, IAS as a Director of the Company, **(5)** To reappoint Shri J N Godbole as an Independent Director for five years (Special Resolution), **(6)** To appoint Dr. Rajiv I Modi as an Independent Director for five years, **(7)** To appoint Ms. Pallavi S Shroff as an Independent Director for five years, **(8)** Approval for an appointment, remuneration & perquisites payable to Shri A. M. Tiwari, IAS as Managing Director and **(9)** To ratify / approve the remuneration of Cost Auditors.

The Notice, along with the 42nd Annual Report for the F.Y 2014-15 are displayed and available for download under 'Investors' section of the Company's website at **www.gacl.com.** The documents pertaining to the items of business to be transacted in the AGM are available for inspection at the Registered Office of the Company during normal business hours as per the timing mentioned in the Notice on all working days upto and including the date of AGM of the Company.

Further, in compliance with the provisions of Section 108 of the Companies Act. 2013 read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 as amended by Companies (Management and Administration) Amendment Rules, 2015 and Clause 35B of Listing Agreement, the **Company is providing e-voting facility from a place other than the venue of AGM ("remote e-voting") to its members** whose names appears in the Register of Members/ Beneficial owners as on the cut-off date i.e. 11th September, 2015, who may cast their votes by electronic mode on all resolutions in respect of business setforth in the Notice through remote e-voting services provided by CDSL, through their portal **http://www.evotingindia.com.** The facility for voting through Poll paper will also be made available to the Members attending the AGM who have not cast their votes by remote e-voting and they shall be able to exercise their right to vote at the AGM through Poll paper. The Members who have exercised their votes through remote e-voting may attend the meeting but shall not be entitled to cast their votes again at the AGM. The detailed procedure/instructions for e-voting procedure is shown in the Notice of the 42nd AGM at the Point No. 14 of the Notes which is placed on Company's website **www.gacl.com.** Further, the Members are hereby notified that **(i)** The Company has completed the dispatch of Notice of 42nd AGM through Registered Book-Post on 22nd August, 2015 to all the Members of the Company individually to their registered address alongwith the Explanatory Statement and 42nd Annual Report; **(ii)** The Company has sent 42nd Annual Report by e-mail to those Members whose e-mail addresses are registered with Company or DPs; **(iii)** Voting through electronic means (remote e-voting) shall commence from Tuesday, 15th September, 2015 at 09:00 a.m. (IST) and will end at 05:00 p.m. (IST) on Thursday, 17th September, 2015; **(iv)** Voting through electronic means shall not be allowed beyond 05:00 p.m. of September 17, 2015; **(v)** The 42nd Annual Report 2014-15 and Notice of 42nd AGM is available on the Company's website **www.gacl.com** and also on the CDSL website **www.cdslindia.com.**

Any person, who acquires Shares of the Company and becomes Member of the Company after dispatch of the Notice and holding Shares as on 11th September, 2015 (cut-off date) may obtain the login ID and password by sending a request at **heldesk.evoting@cdslindia.com.**

Pursuant to Section 91 of the Companies Act, 2013 and Clause 16 of Listing Agreement with Stock Exchanges, the Register of the Members and the Shares Transfer Books of the Company shall remain closed from Friday, the 4th September, 2015 to Friday, the 18th September, 2015 (both days inclusive), for the purpose of ascertaining the entitlement for payment of dividend. Dividend upon its declaration at 42nd Annual General Meeting shall be paid on or after 23rd September, 2015.

Shareholders holding shares in Dematerialized form are requested to intimate changes, if any, in respect of their banks details, address, e-mail address to their respective Depository Participants immediately.

**For GUJARAT ALKALIES AND CHEMICALS LTD.**
**Sd/-**
**(SANJAY S. BHATT)**
**COMPANY SECRETARY & AGM (LEGAL & CC)**

**Place : Vadodara**
**Date : 24/08/2015**

**Size : 21 (h) x 12(w)**

# ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

રજી. ઓફિસ : પી. ઓ. પેટ્રોકેમિકલ્સ - ૩૯૧ ૩૪૬, જિ. વડોદરા, ગુજરાત, ભારત
ફોન : +૯૧-૨૬૫-૨૨૩૨૬૮૧, ૩૦૬૧૨૦૦ ફેક્સ : +૯૧-૨૬૫-૨૨૩૨૧૩૦
Web : www.gacl.com CIN: L24110GJ1973PLC002247


Promoting Green Technology

## વાર્ષિક સામાન્ય સભા, ઈ-મતદાનની માહિતી તથા સભાસદોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ બંધ રહેવા અંગેની નિવિદા

**(સને ૨૦૧૩ના કંપની ધારાની કલમ ૯૧, ૧૦૧ અને ૧૦૮ તથા કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ ૨૦૧૪ના રૂલ ૧૦,૧૮ અને ૨૦ અને સુધારેલ કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ ૨૦૧૫ની સુસંગત)**

**આથી સૂચિત કરવામાં આવે છે કે ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડના સભાસદોની ૪૨મી વાર્ષિક સામાન્ય સભા, શુક્રવાર, તા.૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે,** પી.ઓ.પેટ્રોકેમિકલ્સ-૩૯૧ ૩૪૬, જિલ્લો : વડોદરા ખાતે નીચે દર્શાવેલ કાર્યસૂચિની બહાલી આપવા યોજવામાં આવેલ છે.

**સાધારણ કામકાજ :**

**(૧)** તા.૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજનું સરવૈયું તથા તે તારીખે પૂરા થયેલા વર્ષના નફા-નુકસાન પત્રક સહિતના તા.૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થયેલા વર્ષના કંપનીના ઓડિટ થયેલા નાણાકીય પત્રકો અને ડિરેક્ટરોના બોર્ડનો અહેવાલ તથા ઓડિટરના અહેવાલોને મંજૂરી આપવા, **(૨)** ઈક્વિટી શેર પર ડિવિડન્ડ જાહેર કરવા, **(૩)** ઓડિટર્સની નિમણૂકને બહાલી આપવા.

**ખાસ કામકાજ :**

**(૪)** ડૉ. જે. એન. સિંહ, આઈ.એ.એસ.ની ડિરેક્ટર તરીકે નિમણૂક કરવા, **(૫)** શ્રી જે. એન. ગોડબોલેને પાંચ વર્ષ માટે સ્વતંત્ર ડિરેક્ટર તરીકે ફેરનિમણૂક કરવા (ખાસ ઠરાવ) **(૬)** ડૉ. રાજીવ આઈ. મોદીને પાંચ વર્ષ માટે સ્વતંત્ર ડિરેક્ટર તરીકે નિમણૂક કરવા **(૭)** શ્રીમતી પલ્લવી એસ. શ્રોફને પાંચ વર્ષ માટે સ્વતંત્ર ડિરેક્ટર તરીકે નિમણૂક કરવા **(૮)** શ્રી એ.એમ. તિવારી, આઈ.એ.એસ.ની મેનેજીંગ ડિરેક્ટર તરીકેની નિમણૂકને તથા તેમણે ચુકવવાના મહેનતાણા તથા અન્ય લાભને મંજૂરી આપવા અને **(૯)** કોસ્ટ ઓડિટર્સના મહેનતાણાને બહાલી આપવા તથા મંજૂર કરવા.

નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ના વાર્ષિક અહેવાલ સહિતની નિવિદા કંપનીની વેબસાઈટ www.gacl.com ના 'ઈન્વેસ્ટર્સ' સેક્શનમાં દર્શાવેલ છે અને જે ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ છે. સભાની કાર્ય-સૂચિનાં કામોની વિગતોના સંબંધિત દસ્તાવેજો કંપનીની રજીસ્ટર્ડ ઑફિસમાં કામકાજના કલાકો દરમિયાન બધા જ કાર્યકારી દિવસોએ નોટિસમાં જણાવેલ સમય મુજબ અને સભાની તારીખે સભાના સમય સુધી સભાસદોની ચકાસણી માટે ઉપલબ્ધ છે.

વધુમાં, કંપની ધારા ૨૦૧૩ની કલમ ૧૦૮ને કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ના રૂલ ૨૦ અને સુધારેલ કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન રૂલ્સ ૨૦૧૫) અને લિસ્ટિંગ એગ્રીમેન્ટની કલમ ૩૫બી સુસંગત, **કંપનીએ પોતાના સભાસદોને સભાના સ્થળ સિવાય ઈ-વોટિંગની સુવિધા (''રીમોટ ઈ-વોટિંગ'') ઉપલબ્ધ કરાવી છે.** તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ જેઓના નામ સભાસદો/લાભાર્થી માલિકો તરીકે રજીસ્ટરમાં દર્શાવેલા હશે તેઓ ઈલેક્ટ્રોનિક પ્રણાલી દ્વારા નિવિદામાં જણાવેલ કામોના ઠરાવો માટે CDSL ની વેબસાઈટ http://www.evotingindia.com દ્વારા રીમોટ ઈ-વોટિંગ કરી શકશે. જે સભાસદોને રીમોટ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કરેલ ન હોય તે સભાસદોને સભામાં હાજર રહી બેલેટ પેપર દ્વારા વોટિંગ કરવાની સગવડતા ઉપલબ્ધ કરેલ છે અને તેઓ સભામાં બેલેટ પેપર દ્વારા વોટીંગ કરવા હક્કદાર રહેશે. જે સભાસદોએ રીમોટ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કરેલ હશે તેઓ સભામાં હાજર રહી શકશે, પણ સભામાં ફરીથી વોટિંગ કરી શકશે નહીં. ઈ-વોટિંગની પ્રક્રિયાની વિગતવાર સૂચનાઓ ૪૨મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદાની નોંધના ક્રમાંક નં. ૧૪મા દર્શાવેલ છે. જે કંપનીની વેબસાઈટ www.gacl.com પર ઉપલબ્ધ છે.

આથી, આ સંદર્ભમાં સભાસદોએ નોંધ લેવી કે **(૧)** કંપનીએ ૪૨માં વાર્ષિક અહેવાલની સાથે સામાન્ય સભાની નિવિદા સ્પષ્ટીકરણ નિવેદન સહીત તા.૨૨મી ઓગષ્ટ ૨૦૧૫ ના રોજ રજીસ્ટર્ડ બુકપોસ્ટ દ્વારા બધા સભાસદોને તેમના નોંધાયેલ સરનામે મોકલવાનું પૂરું કરેલ છે. **(૨)** જે સભાસદોના ઈ-મેઈલના સરનામા કંપની અથવા તો ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ્સ પાસે નોંધાયેલ છે તેઓને કંપનીએ ૪૨મો વાર્ષિક અહેવાલ ઈ-મેઈલ દ્વારા મોકલી આપેલ છે. **(૩)** ઈ-વોટિંગથી મતદાન (રીમોટ ઈ-વોટિંગ) મંગળવાર, તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના સવારે ૯-૦૦ (ભારતીય સમયાનુસાર) થી ગુરૂવાર, તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના સાંજના ૫-૦૦ (ભારતીય સમયાનુસાર) સુધી થશે. **(૪)** ઈ-વોટિંગ તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના સાંજના ૫-૦૦ પછી થઈ શકશે નહીં. **(૫)** ૪૨મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા તથા નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫નો ૪૨મો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.gacl.com અને સીડીએસએલની વેબસાઈટ www.cdslindia.com પર પણ ઉપલબ્ધ છે.

જે વ્યક્તિ તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સભાની નોટિસ મોકલ્યા પછી કંપનીના શેર ધારણ કરશે અને કંપનીના સભાસદ બનશે તેઓ લોગીન આઈડી અને પાસવર્ડ helpdesk.evoting@cdslindia.com પરથી મેળવી શકશે.

કંપની ધારા ૨૦૧૩ની કલમ ૯૧ તથા સ્ટોક એક્ષચેન્જ સાથે થયેલ લીસ્ટીંગ એગ્રીમેન્ટના ક્લોઝ ૧૬ મુજબ કંપનીના સભાસદોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ શુક્રવાર, તા.૪થી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી શુક્રવાર, તા.૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સુધી (બંને દિવસો સહિત), ડિવિડન્ડ મેળવવાના હકદારની માહિતી માટેના હેતુથી બંધ રહેશે. ૪૨મી વાર્ષિક સામાન્ય સભામાં ડિવિડન્ડની ઘોષણા થયા બાદ તા.૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ અથવા ત્યારબાદ તેની ચુકવણી કરવામાં આવશે.

જે શેરધારકો ઈલેક્ટ્રોનીક રૂપમાં શેર ધરાવતા હોય, તેઓ તેમનાં બેંક ખાતાં, સરનામામાં અથવા ઈ-મેઈલ એડ્રેસમાં કોઈ ફેરફાર હોય તો, તેની જાણ ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ્સને સત્વરે કરવા વિનંતી છે.

**ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ વતી,**
**સહી,**
**(સંજય એસ. ભટ્ટ)**
**કંપની સેક્રેટરી અને એડીશનલ જનરલ મેનેજર (લીગલ એન્ડ સીસી)**

**સ્થળ : વડોદરા**
**તારીખ : ૨૪-૮-૨૦૧૫**

Size : 21 (h) x 12(w)